# કૃષ્ણનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અમદાવાદ શહેર

ફોન નં-૦૭૯,૨૨૮૨૧૪૫૧,૬૧

ઇ-મેલ :- polstn-krush-ahd@gujarat.gov.in


## પ્રેસનોટ

## કૃષ્ણનગર પો.સ્ટે વિસ્તાર માં થયેલ ઘરફોડ નો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી કૃષ્ણનગર પોલીસની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે HS MCR તેમજ નાસતા ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા.૧૫/૦૧/૨૦૨૦ ના રોજ બપોરના ક.૧૫/૦૦ વાગ્યાથી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વે.કોર્ડ.ના અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદુનભાઇ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે "એક ઇસમ પોતાના પેન્ટ ના ખિસ્સામાં કેટલાક રોકડા રૂપિયા છે તે લઇને મેમ્કો ચાર રસ્તા તરફથી આવી હિરાવાડી ચાર રસ્તા તરફ પસાર થનાર છે અને તેની પાસેના ખિસ્સામાં રોકડા રૂપિયા જે અત્રેના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૪૭/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૪૫૭,૩૮૦ મુજબના કામે ચોરીએ ગયેલ છે " જે બાતમી આધારે સદરી ઇસમને હિરાવાડી ચાર રસ્તા પાસે છુટા છવાયા ગોઠવાઇ વોચ કરતા હતા તેવામાં મેમ્કો ચાર રસ્તા તરફથી ઉપરોકત વર્ણન વાળો ઇસમ ચાલતો-ચાલતો આવતો જણાયેલ જે સાથેના પંચોને દૂરથી ઓળખી બતાવેલ અને તેની સદરી જગ્યાએ વોચ કરી પંચોની હાજરીમાં પકડી પાડી આરોપી પાસેથી અંગજડતી દરમ્યાન તેની પેન્ટના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- મળી આવેલ જે રૂપિયા પોતાની પાસે ક્યાથી લાવેલ તે બાબતે પૂછતા કોઇ સરખો જવાબ આપતો ન હોય અને કોઇ હકિકત છુપાવતો હોય તેવૂ જણાતૂ હોય જેથી સદરી ઉપરોકત ગુન્હો દાખલ થયેલ હોય સદરીની વધુ પૂછપરછ માં આરોપીએ ગઇ તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ પોતે ઘરે એકલો રહેતો હોય અને કોઇ કામ ધંધો ન હોય પોતાનાજ મકાન ની પાસે ભૈરવનાથ ફરસાણ ની દૂકન આવેલ હોય જે દૂકાન રાતના સમયે બંધ હોય જેથી રાતના આશરે સાડા દસેક વાગ્યાના સૂમારે આજૂ-બાજૂમાં કોઇ ન જણાતા દૂકાન ના સટરને મારેલ લોક તોડી સટર ઉંચુ કરીને દૂકાન માં પ્રવેશ કરેલ અને દૂકાન નો ગલ્લો ખોલી નાખેલ અને ગલ્લામાં રોકડા રૂપિયા હોય જે ચોરી કરી લઇ લિધેલ અને દૂકાન ની બહાર નિકળી ગયેલ અને ગણી જોતા ૧૩,૫૦૦/-હતા જેમાંથી ઉતરાયણના તહેવારને લઇને અલગ-અલગ દૂકાને ૩,૫૦૦/-વપરાય ગયેલ અને બાકીની ચોરી કરેલ રૂપિયા સાથે અત્રે પકડાય ગયેલાનું જણાવેલ જે બાબતે અત્રેના પો.સ્ટે ખાત્રી કરતા કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૪૭/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૪૫૭,૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય તે ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી આરોપીને તા.૧૫/૦૧/૨૦૨૦ ના ક.૧૭/૦૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૧૫/૦૧/૨૦૨૦

**આરોપીનું નામ-સરનામુ:-** નરેન્દ્રસિંહ મુળસિંહ જાતે ઉમંટ(રાજપૂત) ઉ.વ.૬૨ ધંધો-મજુરી રહે મ.નં-૨,સિતારામ ની ચાલી હિરાવાડી ચાર રસ્તા પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ સોન તા.ખેરાગડ જીલ્લો-આગ્રા ઉત્તર પ્રદેશ

**મુદ્દામાલ :-** રોકડા રૂપિયા ૧૦,૦૦૦/- નો મુદ્દામાલ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસૂદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક જાગૃત્તીબેન શંકરભાઇ બ.નં-૨૧૧૯ તથા બીજા સાથેના

આરોપીનો ફોટો



(વી.આર.ચૌધરી)
પોલીસ ઇન્સ્પેકટર
કૃષ્ણનગર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર